૧ નાનાઅમથા વાંદરાભાઈ

K7P9M6

● **સાંભળો અને ગાઓ.**

નાનાઅમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ.

ધોતી પહેરી, ઝભ્ભો પહેર્યો,

ટોપી મૂકી આમ, ટોપી મૂકી આમ,

નાનાઅમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ.

લાકડી લીધી, ચશ્માં પહેર્યાં,

ચાલી નીકળ્યા આમ, ચાલી નીકળ્યા આમ,

નાનાઅમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ.

પહેલા નંબરની ટિકિટ કપાવી,

જોવા બેઠા આમ, જોવા બેઠા આમ,

નાનાઅમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ.

સિનેમામાં થયો ધડાકો,


ગભરાઈ ગયા આમ, ગભરાઈ ગયા આમ,

નાનાઅમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ.

ચંપલ ફેંક્યાં, ચશ્માં ફેંક્યાં,

ટોપી ફેંકી આમ, ટોપી ફેંકી આમ,

નાનાઅમથા વાંદરાભાઈને, સિનેમાનો શોખ.



• વાતચીત :

૧. ગીતમાં આવેલા કયા શબ્દો તમે સાંભળ્યા હતા ?
૨. ગીતના કયા કયા શબ્દો સાંભળવાની તમને મજા પડી ?
૩. તમારા ઘરમાં કોણ કોણ ચશ્માં પહેરે છે ?
૪. તમે કયાં કયાં પ્રાણીઓને જોયાં છે ? ક્યાં ?
૫. તમે કોઈ ફિલ્મ જોઈ છે ? કઈ ?
૬. તમે ક્યારે ક્યારે ગીત ગાઓ છો ?

૧. વાંદરાભાઈએ જે કર્યું હોય ત્યાં 'હૂપ' બોલો અને ન કર્યું હોય ત્યાં 'ચૂપ' બોલો.

- ધોતી પહેરી
- કોટ પહેર્યો
- ઝભ્ભો પહેર્યો
- લાકડી લીધી
- ટોપી ફેંકી
- ચશ્માં પહેર્યાં
- કૂદકો માર્યો
- ચંપલ પહેર્યાં
- બૂટ પહેર્યા

૨. ગીતમાં શબ્દ આવ્યો હોય તો 🟢 કરો અને ન આવ્યો હોય તો 🔴 કરો.


◯ નાના	◯ ધોતી	◯ ઝભ્ભો
◯ મોજાં	◯ લાકડું	◯ ચંપલ
◯ થેલો	◯ ચશ્માં	◯ ભડાકો

૩. ચિત્રમાંથી તફાવત શોધો.







૪. વાંદરો કરે તેવો અભિનય કરો.



૫. ટપકાં જોડી ચિત્ર પૂર્ણ કરો અને રંગ પૂરો.



વાંદરો અને મગર



એક હતી નદી, તેના કાંઠે જાંબુનું મોટું ઝાડ હતું.

જાંબુના ઝાડ પર દરરોજ એક વાંદરો જાંબુ ખાવા આવતો. નદીના ઊંડા પાણીમાં એક મોટો મગર રહેતો હતો. વાંદરા અને મગરની ભાઈબંધી થઈ. વાંદરો રોજરોજ મગરને પાકાં જાંબુ ખવડાવે. મગરને તો જાંબુ ખાવાની મજા પડે.

એક વાર તો થોડાં જાંબુ મગરી માટે લઈ ગયો. મગરીને જાંબુ બહુ ભાવ્યાં. મગરી જાંબુ ખાતાં ખાતાં મગરને કહે, ''રોજ આવાં મીઠાં જાંબુ ખાનારા વાંદરાનું કાળજું કેવું મીઠું હશે ! તમે એને લઈ આવો તો હું તેનું કાળજું ખાઉં !''

મગર કહે, ''તે હવે મારો ભાઈબંધ થયો છે. ભાઈબંધ સાથે મારાથી દગો કેમ થાય ?''

પણ મગરીએ જીદ કરી. નાછૂટકે મગર વાંદરાને મગરી પાસે લાવવા તૈયાર થયો. બીજે દિવસે મગર જાંબુના ઝાડ નીચે આવ્યો. વાંદરાએ આપેલાં મીઠાં જાંબુ ખાધાં પછી મગર બોલ્યો, ''વાંદરાભાઈ, મારી મગરી તમને ઘેર જમવા માટે બોલાવે છે, મારી પીઠ પર બેસી જાઓ અને મારા મહેમાન થાઓ.''

''વાહ ! ચાલો, તમારો આટલો પ્રેમ છે તો ના કેમ પડાય !'' એમ કહેતો વાંદરો કૂદીને મગરની પીઠ પર બેસી ગયો.

મગર પાણીમાં આગળ સરકવા લાગ્યો. બંને વાતે વળગ્યા. રસ્તામાં ભોળા મગરે મગરીના મનની વાત વાંદરાને કરી દીધી.

મગરની વાત સાંભળી વાંદરાના હોશ ઊડી ગયા. થોડી વારે સ્વસ્થ થતાં એણે મગરીથી બચવાનો ઉપાય શોધી કાઢ્યો.

વાંદરો કહે, ''મગરભાઈ ! તમે પણ ખરા છો ! તમારે આ વાત મને પહેલેથી જ કહેવી હતી ને ! મારું કાળજું તો હું ઝાડ પર મૂકીને આવ્યો છું. ચાલો પાછા જઈ કાળજું લઈ આવીએ !''

મગર વાંદરાની વાત સાચી માની પાછો કિનારા તરફ વળી ગયો. કિનારો આવતાં જ વાંદરો એક મોટો કૂદકો મારી ઝાડ પર ચડી ગયો. પછી કહે, ''મૂરખ મગર ! કાળજું તે કોઈ ઝાડ પર મૂકતું હશે ? ભાઈબંધને દગો દેવા તૈયાર થયો. તું તો દગાખોર છે ! જા, હવે કદી જાંબુ ખાવા મારી પાસે આવતો નહિ.''

- **વાતચીત :**
  - ૧. તમે જાંબુ ખાધાં છે ? કેવા રંગનાં હોય?
  - ૨. તમને વાર્તા સાંભળવી ગમે ? કેમ ?
  - ૩. તમને વાંદરો ગમે કે મગર ? કેમ ?
  - ૪. વાંદરો બોલે તેમ બોલી બતાવો.
  - ૫. તમને ગમતી વાર્તાનું નામ કહો.
  - ૬. તમે સાંભળેલી વાર્તાઓમાંથી કઈ વાર્તા તમને ગમી ? કેમ ?

૬. વાર્તાને આધારે વાક્યો ખરાં છે કે ખોટાં તે કહો.

- ૧. વાંદરો તળાવમાં રહેતો હતો.
- ૨. વાંદરો મગરને ઝાડ પર લઈ ગયો.
- ૩. મગર પાણીમાં સરકવા લાગ્યો.
- ૪. વાંદરાની વાત સાંભળી મગરના હોશ ઊડી ગયા.
- ૫. વાંદરો કૂદકો મારી તળાવમાં પડ્યો.
- ૬. મગર ભોળો હતો.


૭. વાર્તાના આધારે વાક્ય કોણ બોલે છે તે કહો.


- ૧. તે હવે મારો ભાઈબંધ થયો છે.
- ૨. તમે એને લઈ આવો તો હું તેનું કાળજું ખાઉં !
- ૩. મારી પીઠ પર બેસી જાઓ.
- ૪. મારું કાળજું તો હું ઝાડ પર મૂકીને આવ્યો છું.
- ૫. મૂરખ મગર ! કાળજું તે કોઈ ઝાડ પર મૂકતું હશે ?

૮. વાંદરો અને મગર વાર્તામાં 'ગ' આવતો હોય તેવા શબ્દો નીચે લીટી કરો.

૫	'ગ' શોધી / કરો. ગ મ ન જ મ ન મ ગ જ ગ જ ન મ ગ ન જ મ ગ ન જ	(પાંચ)


૯. ટપકાં જોડો અને લખો.






૬ ‘મ’ શોધી / કરો. ગ મ ન જ મ ન મ ગ જ ગ જ ન મ ગ ન જ મ ગ ન જ (૭)

૧૦. ટપકાં જોડી ચિત્ર પૂર્ણ કરો.





૭ ‘ન’ શોધી / કરો. ગ મ ન મ ન મ ગ જ ગ જ ન મ ગ ન જ મ ગ ન જ (સાત)

૧૧. ચિત્રને શબ્દ સાથે જોડો.

















નગારું

ગાડું

ગણપતિ

જલેબી

નાક


મરચું


જાસૂદ


માળા


૮ ‘જ’ શોધી / કરો. ગ મ ન જ મ ન મ ગ જ ગ જ ન મ ગ ન જ મ ગ ન જ (આઠ)

૧૨. ટપકાં જોડી મૂળાક્ષર પૂર્ણ કરો.









૧૩. ટપકાં જોડો અને લખો.

ગા	ગા	ગા	ગા	ગા	ગા					
મા	મા	મા	મા	મા	મા					
ના	ના	ના	ના	ના	ના					
જી	જી	જી	જી	જી	જી					
ગા	ગા	ગા	ગા	ગા	ગા					
મા	મા	મા	મા	મા	મા					
ના	ના	ના	ના	ના	ના					
જી	જી	જી	જી	જી	જી					
ગા	ગા	ગા	ગા	ગા	ગા					
મા	મા	મા	મા	મા	મા					
ના	ના	ના	ના	ના	ના					
જી	જી	જી	જી	જી	જી					

૧૪. ઓળખો અને ઉદાહરણ મુજબ ◯ કરો.

ઉદાહરણ :


ગ : મગ, મગર, નગર, ગજ, જગ

મ : મગર, મરચું, જામફળ, જમરૂખ, મગ


ન : નગર, નજર, ગગન, જનક, જતન


જ : જતન, નજર, જમરૂખ, મગજ

૧૫. સરખા શબ્દો જોડો.



૧૬. ઉદાહરણ મુજબ લખો.





ગ	ગા

ગ	ગા
મ	
ન	
જ	

૧૭. ટપકાંવાળા અક્ષરો પૂર્ણ કરો.

૧. મારું નામ મગન છે.

૨. મગર ને જાંબુ મીઠાં લાગ્યાં.

૩. નમન નકશ કર.

૪. કગળ મગ ખા.

૫. મનન ગળનમાં જો.

૧૮. ઉદાહરણ મુજબ ખોટો શબ્દ છેકો અને બંધબેસતો સાચો શબ્દ લખો.

ઉદાહરણ જગ / ~~મ્રગ~~ પાણીથી ભરેલો છે. જગ

૧. મારું માન / નામ મને ગમે છે. _____

૨. મને મગ / ગમ ભાવે છે. _____

૩. મારું માગ / ગામ સુંદર છે. _____

૧૯. વાંચો.

નમ માન ગમન

ગામ ગાજ મગન

જામ જન જમના

૨૦. 'વાંદરો અને મગર' વાર્તા તમારા ઘરે કહી સંભળાવો.